# જિલ્લામાં વરસાદની ઘટથી પીવાના પાણીની ચિંતા યથાવત

## ભાદરવો ભરપૂર વરસે તો જ ચિંતા હળવી થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્રાવણ મહિનામાં સામાન્ય મેઘમહેર થયા પછી વરસાદની આગાહીઓ વચ્ચે પણ વરસાદનું ક્યાંય નામોનિશાન નથી જેથી સાબરકાંઠામાં ૩૯ ટકા અને અરવલ્લી જિલ્લામાં ૩૧ ટકા મોસમનો સરેરાશ વરસાદ વરસ્યા પછી પણ પીવાના પાણીની ચિંતા યથાવત રહી છે. ભાદરવો મહિનો ભરપૂર વરસે તો જ જળાશયો તેમજ નદી, તળાવોમાં પાણીની આવક થવાથી પીવાના પાણીની ચિંતા હલ થઈ શકે તેમ છે. બંન્ને જિલ્લામાં વરસાદ ખેંચાતાં સંભવિત અછતની સ્થિતિને ધ્યાનમાં રાખી વિભાગ દ્વારા નવા હેન્ડપંપ તેમજ બોર કરવાનું આગોતરૂ આયોજન થયું છે.

અષાઢ અને ત્યારબાદ શ્રાવણ મહિનામાં વરસેલા વરસાદ પછી પણ નદી, તળાવ, ચેકડેમ અને મોટા જળાશયો તળીયા ઝાટક રહ્યાં છે. જિલ્લામાં માત્ર ખેતીને જીવતદાન આપવા પુરતો વરસાદ વરસતાં હાલ ખેતીનું ચિત્ર સુધારા ઉપર આવ્યું પરંતુ પીવાના પાણીનું સંકટ જેસે થે રહ્યું છે. ધોધમાર વરસાદ ન વરસતાં પાણીની મહત્તમ આવક જળાશયોમાં નોંધાઈ નથી જેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. સમગ્ર રાજ્ય સહિત જિલ્લામાં ઉભી થયેલી અછતની સ્થિતિને પહોંચી વળવા માટે સંભવિત પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા માટે આગોતરાં આયોજનો સરકાર દ્વારા કરવામાં આવ્યાં છે. જિલ્લામાં વરસાદની ઘટના કારણે આગામી સમયમાં પીવાના પાણીનું સંકટ ઘેરાશે તેવું જણાતાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે વિસ્તારોમાં જરૂર જણાય ત્યાં તાત્કાલિક નવા હેન્ડપંપ તેમજ બોર કરવા માટે આગોતરૂ આયોજન તૈયાર કરી અહેવાલ રાજ્ય સરકારમાં મોકલી આપવામાં આવ્યો છે. શ્રાવણ મહિનામાં ધોધમાર વરસાદની આશાઓ બંધાઈ હતી પરંતુ વરસાદની સામાન્ય મહેર પછી હવે ભાદરવો મહિનો શરૂ થયો છે. ત્યારે જો ભાદરવો ભરપૂર વરસે તો જ પીવાના પાણીનું ચિત્ર સુધરી શકે તેમ છે. જિલ્લાના તળાવો તો ઠીક પરંતુ મોટા જળાશયોમાં આચમનરૂપ પાણીની આવક નોંધાઈ ન હોવાથી સૌ કોઈ વરસાદની રેલમછેલની રાહ જોઈ રહ્યા છે.

# બાયડ તાલુકામાં અસહ્ય ઉકળાટ પછી વરસાદી ઝાપટાંથી રાહત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડ તાલુકામાં અસહ્ય ઉકળાટ પછી બપોર બાદ વરસાદી ઝાપટાંથી રાહત થઈ હતી. ખેડૂતોમાં ભાદરવાના આરંભે વરસાદના આગમનથી ખુશાલી જોવા મળી છે.



બાયડ તાલુકામાં વરસાદની સતત વધતી જતી ઘટના કારણે પાણીનાં તળ ઉંડાં ઉતરી રહ્યાં છે. દર વર્ષે જિલ્લામાં બાયડ તાલુકામાં સૌથી વધુ વરસાદ વરસતો હોય છે પરંતુ આ વર્ષે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ વરસાદ વરસ્યો પરંતુ વરસાદની ટકાવારી અગાઉના વર્ષો કરતાં ઘણી ઓછી રહી છે. શ્રાવણ મહિનામાં ઓછા વરસાદથી ખેડૂતો નિરાશ થયા હતા અને ભાદરવામાં અનરાધાર વરસાદ વરસે તેવી અપેક્ષા રાખીને બેઠા છે. જિલ્લામાં ભાદરવો શરૂ થાય તે અગાઉ ધોમધખતા તાપથી ખેડૂતો મૂંઝવણ અનુભવતા હતા. મંગળવારે ભાદરવો શરૂ થયો અને સવારથી આંતરા..ચિતરાના તાપથી સૌ પરેશાન હતા ત્યારે બપોર બાદ તાલુકાના આકાશમાં કાળાં ડીબાંગ વાદળોની જમાવટ થઈ અને બપોરે ૧-૪૫ કલાકથી વરસાદી ઝાપટાં શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શ્રાવણી અમાસના દિવસે તાલુકાના હજારો લોકોએ સારા વરસાદ માટે મહાદેવ સમક્ષ પ્રાર્થના કરી હતી અને બીજા દિવસે વરસાદ વરસ્યો હોવાથી ભક્તોની પ્રાર્થના સંભળાયાની લાગણી જોવા મળી.

## મેઘરજ બ્યુરો ચીફ તરીકે સંજય ચૌધરીની નિયુક્તિ

જિલ્લાના મેઘરજ તાલુકા બ્યુરો ચીફ તરીકે સંજય ચૌધરી (મોટી મોયડી) ની નિયુક્તિ થતાં સમગ્ર



તાલુકામાં ખુશાલી છવાઈ છે. તેમની કસાયેલી કલમથી તાલુકાના અનેક પ્રાણ પ્રશ્નોના ઉકેલ લાવવાનો પ્રયાસ સફળ રહ્યો છે. તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોની અનેક પારાવાર સમસ્યાઓને તંત્ર દ્વારા નજર અંદાજ કરાઈ રહી છે. ગાંધીનગર સમાચાર દ્વારા મેઘરજ તાલુકા બ્યુરોચીફ તરીકે યુવાન પત્રકાર સંજય ચૌધરીની નિયુક્તિ કરાતાં મેઘરજ-માલપુરના વિસ્તારોના રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો, વેપારીઓ તેમજ પ્રજાએ ખુશાલી વ્યક્ત કરી છે. મેઘરજ-માલપુર તાલુકાની સમસ્યા હોય તો તેમને મોકલી આપવી. (મો. ૯૪૨૮૨૩૭૦૯૩)

# નાનાવાડાના નિલકંઠ મહાદેવ મંદિરે ૫૧ પાર્થેશ્વર શિવલીંગનું પૂજન

## સોમવતી અમાસે શ્રદ્ધાળુઓએ પૂંજન-અર્ચનનો લાભ લીધો

ગાંભોઈ, તા.૦૭

માલપુર તાલુકાના નાનાવાડા ગામે નિલકંઠ મહાદેવના મંદિરમાં જયઅંબે યુવક મંડળ દ્વારા સોમવતી અમાસના દિવસે ૫૧ પાર્થેશ્વર શિવલીંગનું વિધિવત રીતે સ્થાપન કરવામાં આવતાં અસંખ્ય શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી પૂંજાઅર્ચનનો લાભ લીધો હતો. માટી, માખણ, ગોળ, ભસ્મ અને ગાયના છાણમાંથી પવિત્ર પાર્થેશ્વર શિવલીંગની સ્થાપના આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

શ્રાવણ માસમાં શિવજીની અલગ અલગ પ્રકારે પૂંજા થતી હોય છે. સ્થાપિત લીંગની સાથે સ્વયંભૂ લીંગ પણ પૂંજાતા હોય છે. શાસ્ત્રોમાં સર્વશ્રેષ્ઠ પારદ શિવલીંગ પછી માટીમાંથી



તૈયાર થતા પાર્થેશ્વર શિવલીંગની પૂંજા માનવામાં આવી છે.

માલપુર તાલુકાના નાનાવાડામાં આસ્થાના કેન્દ્ર સમા નિલકંઠ મહાદેવ મંદિરે શ્રાવણ માસ દરમ્યાન ભક્તોએ શિવ આરાધના કર્યા પછી અંતિમ દિવસે પાર્થેશ્વર શિવલીંગ નિર્માણ કરી વિધિવિધાન સાથે સ્થાપના કરી હતી. શિવપુરાણમાં વર્ણવાયેલી કથા મુજબ પાર્થેશ્વર શિવલીંગ અનેક રીતે કલ્યાણકારી છે. અકાળ મૃત્યુ, શારીરિક અને માનસિક દુઃખ, સંતાન પ્રાપ્તિ, ધન પ્રાપ્તિ માટે પાર્થેશ્વર શિવલીંગ અત્યંત પૂંજનીય છે. ચંદ્રએ પણ ક્ષય રોગથી મુક્તિ મેળવવા માટે પાર્થેશ્વર મહાદેવનું પૂંજન કર્યું હોવાનું પુરાણોમાં વર્ણવાયું છે.

# ધનસુરા તાલુકામાં વિજ ચોરીનું દૂષણ ૧૦ સ્થળેથી વિજ ચોરી ઝડપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિજ ચોરીનું દૂષણ વધતાં છેલ્લા ૩ દિવસથી ધનસુરા તેમજ તલોદ યુ.જી.વી.સી.એલ.ની ટીમોએ ઓચિંતિ તપાસ શરૂ કરતાં ૧૦ ગ્રાહકો વિજ ચોરી કરતાં ઝડપાયા હતા જેમાં વિજ ચોરી મુદ્દે રૂા.૫૦,૦૦૦નો દંડ વસુલી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. વિજ ટીમો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વિજ કનેક્શનની તપાસ શરૂ કરવામાં આવતાં વિજ લાઈન ઉપર અથવા તો વિજ મીટરમાં કરામત કરી વિજ ચોરી કરનારા તત્વોમાં ફફળાટ વ્યાપ્યો છે.

વરસાદ ખેંચાતાં ઘરેલું અને કૃષિ વિજ પુરવઠાની માંગમાં ધરખમ વધારો થયો છે. યુ.જી.વી.સી.એલ. પાસે લોડ વધારાની માંગણી કર્યા વગર વિજ વપરાશ કરનારા ગ્રાહકો સામે દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવ્યા પછી હવે ગ્રામ્ય વિસ્તારોમાં વિજ ચોરીનું દૂષણ અટકાવવા માટે યુ.જી.વી.સી. એલ. સજ્જ બન્યું છે.

ધનસુરા તાલુકાના ગામડાઓમાં છેલ્લા ઘણા સમયથી ચોક્કસ ગ્રાહકો યેનેકન પ્રકારે વિજ ચોરી કરી વિજ વપરાશ કરતા હોવાની ફરિયાદો ઉઠતાં વિજ તંત્રની ટીમોએ છેલ્લા ૩ દિવસથી ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ શરૂ કરી જેમાં વિજ ચોરી કરતા ૧૦ ગ્રાહકો પકડાતાં તેમની સામે વિભાગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ વિજ તંત્રની તપાસમાં વિજ ચોરીની સાથે વિજ લોડ વધારો માગ્યા વગર ગેરકાયદેસર રીતે ઔદ્યોગિક એકમોમાં વીજળીનો વપરાશ થઈ રહ્યો હોવાનું જણાતાં દંડ ફટકારવામાં આવ્યો હતો અને હવે ખાસ કરીને ઘરેલું વીજળીના વપરાશમાં વિજ ચોરી અટકાવવા માટે ટીમો દોડતી થઈ છે.

# નાના અંબાજી પદયાત્રીઓથી ઉભરાયું, રોજના હજારો પદયાત્રીઓનો ધસારો

## અંબાજી તરફ જતા માર્ગો ઉપર માનવ સાંકળની શરૂઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પુનમનો મહામેળો યોજાવવાની શક્યતાઓ સાથે વહીવટી તંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે. માર્ગો ઉપર અંબાજી જતા પદયાત્રીઓની સંખ્યામાં વધારો થયા પછી સાબરકાંઠાના પ્રસિદ્ધ ખેડબ્રહ્માને નાનાઅંબાજી તરીકે પણ ઓળખાય છે અને અંબાજી જતા પદયાત્રીઓ ફરજીયાત ખેડબ્રહ્મા માઁ અંબેના દર્શન કર્યા પછી આગળ વધતા હોય છે. જેના કારણે છેલ્લા ૨ દિવસથી રોજના હજારો પદયાત્રીઓ મોટાઅંબાજી જતા નાનાઅંબાજીએ માઁ અંબાના દર્શન કરી આગળ વધી રહ્યા છે. અંબાજીને જોડતા માર્ગો ઉપર પદયાત્રીઓની સતત હાજરી વધી છે જેથી માર્ગો ઉપર માનવ સાંકળ રચાઈ છે.

ભાદરવો મહિનો શરૂ થાય એટલે લોકમેળાઓની રંગત જોવા મળતી હોય છે પરંતુ છેલ્લા દોઢ વર્ષથી કોરોનાનું સંક્રમણ હાવિ થઈ જતાં ગ્રામ્ય સંસ્કૃતિની ઓળખ કરાવતા લોકમેળાઓને ગ્રહણ લાગ્યું છે. જિલ્લામાં અડપોદરાના ઝાલાજી તેમજ જાદરના મૃધણેશ્વરનો પ્રખ્યાત મેળો સંભવિત કોરોનાની ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી રદ કરવામાં આવ્યો પરંતુ માર્ગો ઉપર માઁ અંબા પ્રત્યેની શ્રદ્ધાનાં દર્શન થઈ રહ્યાં છે. અંબાજીમાં યોજાતા પરંપરાગત લોકમેળાનું આયોજન એક તબક્કે રદ કરવામાં આવશે તેવું માની અન્ય જિલ્લાના પદયાત્રીઓએ આ વખતે વહેલી પદયાત્રા શરૂ કરી દીધી છે જેના કારણે જિલ્લાના માર્ગો ઉપર બોલ મારી અંબે, જય જય અંબે..ના જયઘોષ સાથે પદયાત્રી અંબાજી ભણી આગળ વધી રહ્યા છે. અંબાજી જતા રસ્તામાં ખ્યાતિ પ્રાપ્ત ખેડબ્રહ્માનું અંબાજી મંદિર આવે છે જેના કારણે દરેક શ્રદ્ધાળુઓ દર્શન માટે અવશ્ય જતા હોય છે. છેલ્લા ૨ દિવસથી નાના અંબાજી તરીકે ઓળખાતા ખેડબ્રહ્મામાં પદયાત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે જેના કારણે સ્થાનિક વેપારીઓને પણ ફાયદો થઈ રહ્યો છે. વરસાદનું અલપ ઝલપ વિઘ્ન નડતું હોવા છતાં અન્ય જિલ્લાના પદયાત્રીઓ અદમ્ય ઉત્સાહ સાથે અંબાજી તરફ પ્રયાણ કરતાં માર્ગો બોલ મારી અંબે જય જય અંબેના જયઘોષથી ગુંજી ઉઠ્યા છે.

## મોડાસા સરકારી આઈ.ટી.આઈ. સંસ્થાની

# ૧૦ એકરથી વધુ જગ્યામાં ભૂમાફિયાઓનો ડોળો, ફરિયાદ બાદ તપાસનો ધમધમાટ શરુ

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આવેલી આઈટીઆઈ સંસ્થાને લઈને જમીન વિવાદ પેદા થયો છે. સંપાદનમાં જમીન આપનારે જ અન્યએ જમીનમાં ગેરરીતી આચરી હોવાના આક્ષેપ થયા છે. જેને લઈને આ મામલે તપાસ હાથ ધરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જમીન વિવાદને લઈને મામલાએ જીલ્લા ભરમાં ચકચાર જગાવી દીધી છે.

મોડાસામાં આવેલી ઔદ્યોગીક તાલીમ સંસ્થા એટલે કે આઈટીઆઈનુ કેમ્પસ શહેરના મધ્ય હિસ્સામાં આવેલુ છે. તાલીમી સંસ્થાનુ કેમ્પસ પ્રાઈમ લોકેશન પર હોઈ સ્વભાવિક છે કે તેની પર જીલ્લા ભરના ભૂમાફિયાઓનો ડોળો હોઈ શકે છે. આ દરમ્યાન જ હવે સરકારી જમીનમાં જ ખાનગી લોકોના નામ રેકર્ડ પર દાખલ કરવામાં આવ્યા હોવાના આક્ષેપ થવા લાગ્યા છે. આ માટેના દસ્તાવેજો સાથેની રજૂઆત જિલ્લા કલેકટર ને કરવામાં આવી છે. તો આ મામલે પ્રાંત અધિકારીએ મામલતદાર પાસે અહેવાલ પણ માંગ્યો છે. ૧૯૬૩ ના દરમ્યાન ચોક્કસ રકમ ચુકવીને સરકારે શૈક્ષણિક હેતુ માટે ખરીદ કરીને સંપાદિત કરી હતી. જે પૈકીના જે તે વખતની જમીનદારના પુત્ર એ હવે અન્ય ખાનગી માણસોએ ૧૯ નામ જમીનના દસ્તાવેજોમાં સામેલ કર્યા હોવાનો આક્ષેપ કર્યો છે. તેઓ તે તમામ સામે ફોજદારી ગુન્હો દર્જ કરવાની માંગ પણ કરી છે.

### જમીન માલીકના પુત્ર જીતુભાઈ પટેલના જણાવ્યા અનુસાર

આ જગ્યા અમારા પિતાએ જેતે સમયે ૧૯૬૩ માં પુરા વળતર સાથે આપી હતી. શહેરની સંસ્થા અને જમીનને લઈને અમારી લાગણીઓ જોડાયેલી છે. માટે અમારી જાણમાં આ અંગે આવતા અમે કલેકટરને પત્ર લખી તપાસની માંગ કરી છે. અમે ગુન્હો દાખલ કરી આકરી સજા આ ભૂમાફિયાઓ વિરુદ્ધ કરવા માંગ કરી છે. જીતુભાઈ પટેલના પિતા એ શૈક્ષણિક હેતુ માટેની સરકારને જમીનની જરુર હોઈ ખેતીની જમીન સરકારને રોકડ વળતર સાથે સંપાદનમાં આપી હતી. જેમાં અન્ય એક જમીનનો હિસ્સો અન્ય પરિવારે પણ આપ્યો હતો. જીતુ પટેલે આક્ષેપ કર્યો છે કે, બીજા વારસદારોએ જમીનમાં નામ ઘુસાડીને જમીન હડપ કરવાનો કારસો ઘડ્યો છે. આ મામલે તેઓએ આઈટીઆઈ નહી પરંતુ કલેકટરને ફરિયાદ કર્યાનુ કહ્યુ હતુ. આ મામલે હાલ તો જીલ્લા કલેકટરે કંઈક પણ કહેવાથી ઈક્રાર કરી કહ્યુ છે કે, જ્યારે નિર્ણય થઈ જશે ત્યારે આ અંગે જાહેર કરવામાં આવશે. તો આઈટીઆઈ ના સત્તાવાળાઓએ પણ પોતાની પાસે કોઈ જ આવી ફરીયાદ નહી મળ્યાનુ સ્વિકાર કર્યો હતો. પરંતુ તમામ ટેક્ષ સંસ્થાના નામે હોવાનુ જણાવ્યુ હતુ. તેઓએ કહ્યુ હતુ કે, જો અમારા ધ્યાને આવા દસ્તાવેજો રજૂ કરાશે તો જીલ્લા કલેકટરને સંસ્થા દ્વારા તપાસ માટે જાણ કરાશે.

## પ્રાંતિજની હોટલ આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યો બાઈકચોર ચોરી જતાં પોલીસ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ હેરીટેજ હોટલ ના આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા બાઈક માલિક દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા બાઈક ચોરો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ તો પ્રાંતિજ પોલીસે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી. પ્રાંતિજ ખાતે રહેતા મોહમ્મદ તોહિઝ સાબીરમીયાં જાતે રાઠોડ ઉ.વર્ષ-૩૬ રહે. જબુચોરા કે જેવોનુ હિરો હોન્ડા કંપનીનું બાઈક નંબર GJ09 CJ-5542 તેવો હેરીટેજ હોટલ ગેસ્ટ હાઉસમા સીક્યુરીટી મા નોકરી કરતો બાઈક લઈ ને જતા હોય અને રાત્રીના સમયે હોટલ નીચે બાઈક પાર્ક કર્યુ હતુ અને બાઈક રાત્રીના સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા બાઈક માલિક મોહમદ તોહિઝ સિબીરમીયા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

## ભિલોડા ગેરેજ માલિકનું કારસ્તાન

# ગેરેજમાં મુકેલી ઈકો કાર માલીકની જાણ બહાર બારોબાર વેચી મારી, કાર માલીકને ધમકી

અરવલ્લી જીલ્લાના ઓઢા પાણીબાર ગામના યુવકની ઈકો કારમાં ટેકનીકલ ખામી સર્જાતા ભિલોડા સીએનજી પંપની બાજુમાં આવેલા વીઆઈપી ગેરેજમાં કાર રિપેરિંગમાં મૂકી હતી ગેરેજ માલિકે ત્રણ ચાર દિવસ કાર રીપેરીંગમાં થશે જણાવતા યુવક કાર ગેરેજમાં મૂકી ઘરે ગયો હતો ઘરે ગયા પછી યુવક બીમાર થતા કાર લેવા જઈ નહીં શકતા યુવકે તેની પત્ની અને ડ્રાઈવરને કાર લેવા મોકલતા ગેરેજ માલિકે મહિલા સાથે ખરાબ વહેવાર કરી કાર નહીં મળે કહીં ધમકી આપી કાઢી મુકતા કાર માલિકે કાર અંગે તપાસ કરતા ગેરેજ માલિકે કાર બારોબાર વેચી મારી હોવાની જાણ થતા કાર માલીકે ગેરેજમાલિક સામે ગુન્હો નોંધી કાર પરત મેળવવા ઈસરી પોલીસનું શરણ લીધું છે.

ઓઢા પાણીબાર ગામના મહેશ નાથુભાઈ કટારા નામનો યુવક ઈકો કાર લઈ ઈડર તેમના બહેનના ઘરે ગયા પછી પરત ફરતા ઈકો કારમાં ટેકનીકલ ખામી સર્જાતા ભિલોડા સીએનજી પંપની બાજુમાં આવેલા કોમ્પ્લેક્ષમાં વીઆઈપી ગેરેજની દુકાન ધરાવતા ઈશ્વર પ્રતાપ વણઝારાના ત્યાં કાર રીપેરીંગમાં લઈ જતા કાર રીપેરીંગને બે ત્રણ દિવસનો સમય લાગશે કાર ગેરેજમાં મુકવી પડશે જણાવતા મહેશ ભાઈ કાર ગેરેજમાં મૂકી ઘરે ગયા હતા ઘરે પરત ફર્યા પછી મુકેશભાઈની તબીયત લથડતા થોડા દિવસો સુધી કાર લેવા ન જતા ગેરેજ માલિક ઈશ્વર વણઝારાએ કાર બરોબર વેચી મારી હતી કાર માલીક યુવકની પત્ની ડ્રાઈવર સાથે કાર લેવા જતા ગેરેજ માલીકે બીભસ્ત વર્તન કરી ધમકી આપી કાર વેચી મારી છે જણાવતા કાર માલિકના પગતળે જમીન સરકી ગઈ હતી.

ગેરેજ માલીકની ચોરી ફીરશે સીના જોરી જેવા વર્તનથી કાર માલિક ડઘાઈ ગયો હતો યુવકની કાર ભિલોડા જનાલી રોડ પર ફરતી જોવા મળી હોવા છતાં લાચાર બનતા આખરે ગેરેજ માલિકને સબક શીખવાડવા અને કાર પરત મેળવવા ઈસરી પોલીસ સ્ટેશન અરજી આપી ન્યાયની માંગ કરી ગેરેજ માલિક સામે ગુન્હો નોંધી શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી.

# બાયડની ચીટર ગેંગની કરતૂત : અમદાવાદના વેપારીનું ડેથ સર્ટિફિકેટ બનાવી પોલીસીના ૩૨.૫૦ લાખ ઓળવી લીધા

અમદાવાદના ઘાટલોડીયામાં રહેતા વેપારીનો ખાનગી કંપનીનો વીમો લીધા પછી બાયડ પંથકના ત્રણ અને અમદાવાદ છારાનગરના એક શખ્સે વેપારી જીવતો હોવા છતાં તેનું મારણ સર્ટિફિકેટ બનાવીને વીમા કંપનીમાં રજુ કરીને વેપારીના નરોડા અને દહેગામની બેંકમાં વેપારીના નામે ખાતું ખોલાવી ૩૨.૫૦ લાખ જેટલી માતબર રકમ બરોબર મેળવી લેતા આ અંગેની જાણ વેપારીને થતા ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદે ગુન્હાનો ભેદ ઉકેલી ૪ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

અમદાવાદ ઘાટલોડીયાની સી.પી.કોલોનીમાં રહેતા નીશીત સુમનભાઈ પટેલ નામના વેપારીએ થોડા વર્ષ અગાઉ આદિત્ય બીરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીની બે પોલીસી લીધી હતી ગત વર્ષે ૧)ફારૂક હુસેન ડોસુમિયા મિર્ઝા (રહે, કસ્બા,મીર્ઝા ફળિયું, બાયડ), ૨)સંજયસિંહ દિલીપસિંહ સોલંકી (રહે, ખાતરીયા, બાયડ), ૩)રોહીત હોથસિંહ સોલંકી (રહે, બીબીની વાવ) અને ૪)રાજેશ વ્રજલાલ રાઠોડ(રહે, છારાનગર, અમદાવાદ) સાથે મળી નીશીત પટેલનું મરણનું સર્ટિફિકેટ મેળવી તેમજ તેમના નામના નરોડાની કરૂણ વૈશ્ય બેંક અને દહેગામની આઈડીએફસી ફસ્ટ નામની બેંકમાં નીશીત પટેલની જાણ બહાર ખાતા ખોલાવી વીમાની રકમ ૩૨.૫૦ લાખથી વધુની રકમ બેંકમાંથી ઉપાડી લીધી હતી આ અંગે નીશીત પટેલને જાણ થતા ચોકી ઉઠ્યા હતા તેમની સાથે થયેલ ફ્રોડ અંગે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા ઘટનાની ગંભીરતા સમજી સમગ્ર કેસની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સુપ્રત કરતા ક્રાઈમ બ્રાન્ચે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એસ.એમ. ગામેતી અને પીએસઆઈ પરેશ વસાવાએ જીવંત વ્યક્તીનું ખોટું મરણ સર્ટિફિકેટ બનાવી વેપારીની જાણ બહાર રૂપિયા ઓળવી જનાર ૧) ફારૂક હુસેન ડોસુમિયા મિર્ઝા (રહે, કસ્બા, મીર્ઝા ફળિયું, બાયડ), ૨)સંજયસિંહ દિલીપસિંહ સોલંકી (રહે, ખાતરીયા, બાયડ), ૩)રોહીત હોથસિંહ સોલંકી (રહે, બીબીની વાવ) અને ૪)રાજેશ વ્રજલાલ રાઠોડ (રહે, છારાનગર, અમદાવાદ)ને દબોચી લઈ ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.